# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાન માળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથાઓ

## વ્યાખ્યાન – ૧૪ સાંસ્કૃતિક સેતુ : સ્થાપત્યો

**વ્યાખ્યાતા- શ્રી કનુભાઈ સૂચક**

**તારીખ – ૧૮/03/૨૦૨૩**

શાળામાં હતા ત્યારે વર્ગ સાથે દેલવાડા જવાનું થયું દેલવાડા મંદિરના સ્થાપત્યો જોયા આંખોમાં અજબનો આશ્ચર્ય હૃદયમાં પારાવાર જિજ્ઞાસા એકવાર નહીં અનેક વાર જોયા કલાનો એ ઉત્તમ આવિષ્કાર. કિશોર અવસ્થામાં સ્થાપત્ય ની સમજ નહોતી. લોકો કહે કે મંદિર સુંદર છે એટલે જોવા જઈએ ઉર્જાસ્થાન કહેવાય એટલે બે હાથ જોડી પગે લાગીએ. અન્યને દંડવત કરતા જોઈએ અને આપણે પણ કરીએ. આ બધું યંત્રવત થતું હોય છે. ભાવ કે સમજનો અભાવ પરંતુ દેલવાડાના મંદિરોએ જાદુ કર્યો. મન અને આંખો ધરાય જ નહીં. ગવાક્ષોમાં તીર્થંકરોની મૂર્તિઓના નામની ઓળખ મારી જિજ્ઞાસાને સંતોષે નહી. આંખને ખૂબ ગમે પરંતુ અંતર વધુમાંગે. સ્તંભો દીવાલો અને ગુંબજ પરના શિલ્પો મારી સાથે વાત કરશે એટલા જીવંત લાગે અને છતાં હું એ વાતને સમજુ નહી અને બાઘાની જેમ કાન માડુ. ગુંબજનું નિરીક્ષણ કરવા ડોકરહી જાય ત્યાં સુધી જોયા કરુ. મારી આ વિટમ્બણા જોઈને મારા એક જ્ઞાન અને વય થી વયસ્ક  મિત્ર ગકુરભાઈ પરમારે મને જ્ઞાન આપ્યુ. આરસપહાણ થી જડેલી ફરસ પર સુઈ જા ગુંબજ જો.મિત્રો શિલ્પને પામવા માટે દેલવાડાના જૈન મંદિરોથી મને જે ગુરુચાવી મળી તેમાં આપ સૌને મારે સહભાગી  કરવા છે.

એ જ વર્ષના પાઠ્યપુસ્તકમાં આવતી મુર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીના સોનેટની અંતિમ પંક્તિ નું અનુસંધાન અને સમજનો ઉઘાડ આબુની ધરતી પર જ થયો છે. સૌંદર્ય પી પછી ઉર ઝરણ ગાશે  પછી આપમેળે' સૌંદર્ય પામવા માટે શું જોઈએ?  જે ગમે તેના વિશે જાણવાનું

કુતુહલ તો થાય જ. જે શિલ્પો ગમે એની રચના અંગે જાણવા તેનો ઇતિહાસ જાણવો જોઈએ. ઇતિહાસનું અનુસંધાન જીવન સાથે હોય છે.

જે કલા જીવન સાથે અનુસંધાન ન કરે તે સનાતન તત્વ થી દૂર જ હોય અને એથી જ જીવન વ્યવહારમાં રોજબરોજ ના અનુભવોને પણ કલાકારો પોતાની સમજ અને જ્ઞાનના વ્યાપ મુજબ કલામાં વણતા હોય છે. જે સત્વ પ્રગટ કરે અને અસત્વને ઓળખ આપે તેવી જ કલાકૃતિઓ સનાતનતા અને અમરત્વ પામી છે. ભારતના સદીઓ જુના સ્થાપત્ય દ્વારા એ સિદ્ધ થયું છે કે સમાજમાં વિકૃતિઓ હશે પરંતુ કલાકારની એ પ્રવૃતિ નથી. અભિવ્યક્તિની સ્વતંત્રતા કલાકારની  છે પરંતુ સારા સાર  વિવેક ની મર્યાદા પણ છે. ધરમાં કે નીતિના નિયમથી પણ અધિક આ શિલ્પ કલાનો નિયમ છે. ભારતીય સ્થાપત્યમાં શારીરિક શોષ્ઠવ ઉપરાંત શિલ્પમાં એક ધીર,વીર,લલિત અભિજાતનું પ્રાગટ્ય થતું દેખાય છે.  સૌંદર્ય બોધ ઉપરાંત મુકુલિત પ્રશાંત મુખમુદ્રા અધ્યાત્મિક સ્થળે લઈ જાય તે ભારતીય શિલ્પોની વિશિષ્ટતા છે. ઇતિહાસ સમય કાળની પૃષ્ઠ ભૂમિકા ધરાવે છે. સમય કાળ કાર્ય ઘટનાને વ્યક્તિ વિશેષ ની ઓળખ નો આધાર વર્તમાનમાં તેની મહત્તાનો નિર્દેશ કરે છે. આ મહત્તાને ઈતિહાસ પુરસ્કાર રૂપે સાચવે પણ તેનો પ્રત્યક્ષીકરણ કરાવે. સ્થાપત્ય ભવ્ય સ્થાપત્ય હોય કે નાનકડી મૂર્તિ પરંતુ તેમાં સંકુલાઈને અનેક ઘટનાઓને ઓળખ પડી છે એ ઇતિહાસનું જ્ઞાન સહિત  સ્થાપત્ય પાસે જઈએ તો મોન ધારણ કરી બેસેલા શિલ્પોને વાચા સમજવામાં આવે અને પછી સંવાદનો ઉપક્રમ શરૂ થાય. પાસે આમ તો કલાના કોઈપણ અંગને જાણવા કે માનવાની કોઈ શરત નથી. કલાનો સ્થાયી ભાવ આનંદ છે. આ અનુભૂતિ દરેક ભાવકને જુદી જુદી હોઈ શકે. તેનો અભ્યાસ અને સંસ્કાર અનુભૂતિનું પરિમાણ નક્કી કરે છે. વિષય વસ્તુની સમજ કલાના હાર્દ સુધી પહોંચવામાં મદદ કરે છે. સ્થાપત્ય સમજવામાં પ્રજ્ઞા કર્મ  શીલ અને શૈલીની સંયુક્ત પ્રક્રિયા જાણવી જોઈએ. સમગ્ર ભારતના સ્થાપત્યને મૂળભૂત રીતે જ્યાં લાગુ પડે છે તેની વાત કરીએ.

વેદકાળથી પ્રાકૃતિક તત્વોને એક અહોભાવ અને આશ્ચર્યભાવથી જોવાતા. તેની પર વિચાર થતો કેટલાક કુતુહલોનું સમાધાન શોધાયું ન હતું. પ્રકૃતિના આશ્ચર્ય અને ચમત્કારિક શક્તિ ગણાતી. તે તરફ દર રખાતો. પ્રતિકોનો, તેનું નામકરણ થયું એ પ્રમાણે મૂર્તિઓ બની અને ભવ્ય અને ભયોભય  પૂજા શરૂ થઈ. ક્રિયાકરણની શરૂઆત થઈ, મંદિરો બન્યા ધર્મો બન્યા વિભાગો થયા અને તેના પણ નામકરણ થયા. બહારના લોકો આવ્યા અને તેઓ પણ આ પ્રક્રિયામાં જોડાયા. પુરાતત્વ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી થયેલા સર્વેક્ષણ મુજબ આ રીતે બનેલા મંદિર મંદિર સ્થાપત્યની આયુ વધુમાં વધુ 2000 વર્ષની છે. ઘણા લોકો કે 5000 વર્ષ જૂનું છે 6000 પણ મંદિરો જે બન્યા છે તેની આયુ માત્ર 2000 વર્ષની છે. આધાર વિહીન લોકવાયકા ની ઘણી વાર અતિશયોક્તિ થતી હોય છે.

સ્થાપત્યના વિકાસમાં મધ્યકાલીન યુગ ભારત સાથે સમગ્ર વિશ્વમાં સુવર્ણ યુગ ગણી શકાય. આ સમયની નવી રચના રીતિ અને તેમાં ઉનમેશ જોવા મળે છે. આ શાસ્ત્રો સમજવા  ઘણા બધા પુસ્તકો બન્યા છે પણ આ પુસ્તકોનો આધાર લેવા પહેલા એ જે સ્થાપત્ય બન્યા છે એના મુળાધાર  એ કઈ રીતે થાય છે એની વાત કરીએ તો આપણે વાસ્તુની વાત કરીએ તો એમ કહીએ કે મકાનનું વાસ્તુ છે એનો અર્થ એ છે કે આ  જમીન વસવાટ માટે આ શબ્દનો પ્રયોગ થાય છે. પ્રચલિત રીતે આપણે ગ્રહ પ્રવેશ કે ઘરના પાયા નાખવા માટેની પ્રક્રિયા માટે આ શબ્દ વાપરીએ છીએ. સ્થપતિ  એટલે આર્કિટેક. સ્થાપત્ય એટલે  આર્કિટેક્ચર રચના કૌશલ્ય યોજના પૂરસર બાંધકામ કરતાં કારીગરી નિર્માણ વગેરે માટે થાય છે. સ્થાપત્યની આ વાત કર્યા પછી આ સ્થાપત્યને રચનાર ઘણી વખત આપણે મૂર્તિ ને જોઈએ છે પણ એ મૂર્તિ અને જોતા આપણને જે પૂજ્ય ભાવ  થાય અથવા તો એને સૌંદર્ય બોધ થાય એને રચનાર  માટે ઘણીવાર આપણે ભૂલી જતા હોઈએ છીએ. જેને જે વંદન આપણે કરતા હોઈએ છીએ એની પાછળ એ વંદનનો ભાવનું ભાવ સંક્રમણ કરનાર એ આ કારીગરો અને સ્થપતિઓના હૃદયના ભાવનું એમાં સંક્રમણ આપણા સુધી પહોંચે છે ત્યારે આપણને ભાવ ઉભો થાય છે. શિલ્પ બધાં જ ઘાટ માટે વપરાય છે. કલાના કોઈપણ સ્વરૂપને પણ શિલ્પ તરીકે ઓળખાય છે જ્યારે આ

સ્થપતિની આપણે વાત કરીએ આર્કિટેકની વાત કરીએ અને રચનાકારની વાત કરીએ એને જાણનાર તો એની શું એની પાસે શું આપણે અપેક્ષા રાખીએ તો એ અપેક્ષા એ છે.

સ્થપતિ ત્રણ પ્રકારના છે જે એક મુખ્ય છે જેની આજ્ઞા મુજબ અને એની એના ડિઝાઇન મુજબ આખું કામ થતું હોય છે. પછી વાસ્તું વિદ્યાના જાણકાર જે આનો અમલ કરતો હોય છે અને ચિત્રકલા અને ચિત્ર મર્મજ્ઞ પણ જોઈએ આવા અને એ પછી કારીગર સલાત સુથારો વિભાગ આવે છે અને તેને પણ જે માર્ગદર્શક આપે એવો સ્થાપિત પણ જોઈએ. તો આ રીતના ત્રણ સ્થપતિઓ હોય છે જેના કારણે તે આખા સ્થાપત્યનું નિર્માણ થાય છે. ભારતીય સ્થાપત્યમાં દ્રષ્ટિપાત કરતા પહેલું તારણ એ નીકળે છે કે મંદિર રચના નો હિસ્સો બહુ મોટો અને મહત્વનો છે કે દેશ કાળ અને સ્થળના અપરિમેય ભેદ જતા આપણા ભારત દેશનો સાંસ્કૃતિક દેહ અજબની એકતા ધરાવે છે. આપણા મંદિર સ્થાપત્યમાં જુદી જુદી રચના રીત જુદા જુદા સ્થળ જુદા જુદા શાસનો અને જુદી જુદી ધાર્મિક માન્યતાઓ છતાં તેમાં મુખ્ય રચના સિદ્ધાંતની એકતાના દર્શન થાય છે. હવે આ દેશ શાસનકાળમાં ખાસ કરીને જે વાત કરવાનો છું ઉત્તમ સ્થાપત્ય તરીકે એ ખજૂરાહોના અને દેલવાડાના મંદિરોની વાત કરવાનો છું પરંતુ આ સ્થાપત્યની પાછળ ઐતિહાસિક દ્રષ્ટિએ પાલ પલ્લવ ચોલા પાંડેન ચેહરા ચાલુક્ય અને વિજયનગરના શાસકોનો અમૂલ્ય ફાળો છે. તેમાં પલ્લવ અને દ્રાવિડીયનની સ્થાપત્યના સ્થાપક ગણી શકાય તેનું શાસનકાર છઠ્ઠીથી નવમી સદી સુધીનું છે. એ સમયમાં અખંડ ખડક પથ્થરમાંથી બનાવેલા મહાબલીપુરમ ના અને કાચીપુરમ ના રથ સ્થાપત્યો નો ઉલ્લેખ. જ્યારે સ્થાપત્યની થતી હોય ત્યારે સ્થાપત્યની સમજ આવે ત્યાર પછી સ્થાપત્યને જોવા જ પડે ત્યાં સુધી સ્થાપત્યને જુઓ નહી જ્યાં સુધી એનો પ્રત્યક્ષ રીતે દર્શન ન કરો તો એ સ્થાપત્યની વિશેષતાઓ વિશે અને એક વખત તમે આ વસ્તુને જાણી હોય તો સ્થાપત્ય તમારી સાથે જાણે તમારું મિત્ર હોય એવી રીતે વાત કરે કે આ આ ભાવ છે આ રચના છે આ સલાટ નું કામ છે કે જે મહાવીર સ્વામીના મુખ ઉપર ની શાંતિ તમારા હૃદય સુધી પહોંચાડે એ ભાવની રચના કરનાર સલાટના મનમાં પણ આ વસ્તુ હશે તો જ આ શક્ય બને એ જાણવાનો ગમશે.

કોઈપણ ભાષાના પુસ્તકનો અભ્યાસ કરતી વખતે આપણે પોતાની સમજ ની ક્ષિતિજ ને વિસ્તારવી જોઈએ એ રીતે વાસ્તુશાસ્ત્ર કે સ્થાપત્ય નો અભ્યાસ કરવાનો હોય.

તો આપણે જાણીએ છીએ કે ભીંતમાં કે ગવાક્ષોમાં જે મૂર્તિઓ શિલ્પો છે અમુક મૂર્તિઓ જે તમે દ્વીપાર્શ્વ રીતે જોઈ શકો બે બાજુથી જોઈ શકો, તમે ત્રણ બાજુથી જોઈ શકો અને અમુક મૂર્તિઓ તમે ચોપાસ જોઈ શકો ચારે બાજુથી જોઈ શકો. આ બધે જ રચનાઓ પાછળ જે જેને રચના કરે છે જેના ડિઝાઇન કરે છે એ સ્થપતિનો એક વિચાર છે કે જ્યારે કોઈ નૃત્ય કરતી અપસરા કે દેવાંગના ને જુઓ ત્યારે એ દેવાંગ નાના નૃત્યુના પગમાં ઝાંઝર નો અવાજ ન આવે પણ એની એટલી બધી જીવંતતા હોય કે તમે શાંતિથી તેની સામે ઊભા રહો ત્યારે તમને જાણે એની જીવંતતાનો અનુભવ થાય. તો આ કરનાર અને એની ડિઝાઇન કરનાર કઈ જગ્યાએ કઈ વસ્તુ ક્યાં મૂકવી છે એની પણ પરિકલ્પના આ સ્થપતિઓ કરતા હોય છે.

હવે એક ઉદાહરણ તરીકે આ વાતો કરીએ પણ ઉદાહરણ જ્યાંરે સમજશું ત્યારે ખ્યાલ આવશે કે સૂર્યની કલ્પના મોઢેરાનું સૂર્યમંદિર જવું કે ઘણા બધા સૂર્ય મંદિર છે કે જેમાં સવારના સમયે કે બપોરના સમયે કે અમુક સમયે સિંધુ કિરણ મૂર્તિના ઘણી વખત કપાળ ઉપર  ઘણી વખત હૃદય ઉપર ઘણી વખત પગ ઉપર આ જે ક્રિયા છે એ સૂરજ ત્યાં કરવા નથી જતો પણ સ્થપતિએ  એના વૈજ્ઞાનિક પદ્ધતિથી કરેલા પરિમાણો ના હિસાબે કરતા હોય છે. સુરજને ચિતરવો હોય તો તમે કદાચ વાનવેગોનો ઘણા બધા તેજસ્વી રંગોથીભેદ  દેખાડે ત્યારે શિલ્પમાં કેમ કરવું શિલ્પ તો  બનતા હોય છે પત્થરમાંથી અથવા રેતીયા પત્થર માંથી છે માર્બલ માં કે આરસના પથ્થરમાં તો એ ધગધગતા ગોળા ને કેવી રીતે આકાર આપવો અહીં પ્રતિકાત્મક સર્જન .કરવાની વાત છે મોઢેરામાં સૂર્યની મૂર્તિ ને પ્રચંડ આકાર આપ્યો છે જે પ્રતિકાત્મક રીતે શક્તિનું સૂચન કરે છે ઉર્જાનું સૂચન કરે છે. એણે સવાર બપોર અને સાંજમાં ગતિ કરવાની છે એટલે રથ અને ઘોડાઓ. અહીં સાત ઘોડા સાત દિવસ કે સમયચક્રનું પ્રતીક છે સૂર્ય અસુરના અંધકારને ભેદતો પ્રવેશે છે. સૂર્યની ઘણી પ્રતિમામાં  સારથી અરુણ સ્વરૂપે ઉષા પ્રત્યુશાની કરે છે તીર કામઠાને કોતરે છે જે અંધકારને ભેદવા તેનું પ્રતીક બને છે. સૂર્યની

ચાર પત્નીઓ છે એવું પૌરાણિક સૂચન છે . અને તેમના નામ ભૂમિ આકાશ છાયા અને પ્રભા તેજ સાથે અનુસંધાન કરે છે. આપણને ખબર નથી એ સૂર્ય ક્યાં પરણ્યો કે રહેઠાણ છે  પણ આ પ્રતિકો છે અને આ પ્રતિકો એ છે જે  જીવન સાથે પણ અનુસંધાન કરે છે. સૂર્યના હાથમાં લગામ છે તે સમસ્ત જગના  સંચાલનનો પ્રતીક છે આજે સૂર્ય ન હોય એની કલ્પના આપણે કરી શકીએ ત્યારે એટલે આ પ્રતિકની રચના કરતી વખતે સ્થપતિએ આપણા હૃદયની અંદર ઉતરે કે આ  સૂર્ય છે આટલી શક્તિ છે,ઉર્જાવાન છે એની બીજી અર્થ છાયા પણ સમજાય તો એ એક સારો  સ્થપતી જ કરી શકે આર્કિટેક્ટ જ કરી શકે.

આ બધા સ્થાપત્યો જેની આધારે ઊભા છે એ ક્યાં છે એ સ્તંભો એ કોલમો ક્યાં છે. એ સ્તંભોની રચનામાં કદાચ વિશ્વમાં આપણી ભારતની સંસ્કૃતિ ની સ્તંભ રચનાને સરખામણી સાથે મૂકીએ એવું લગભગ કોઈ નથી. સાદી ભાષામાં કોલમ સ્તંભોની અદભુત કોતરણી સૌંદર્ય બોધ આપે છે. સત્ય શિવ અને સુંદરમ નું સંદેશ આપે છે. વિશ્વના કોઇ પણ સ્થાપત્યને મંદિરના કલામય કોતરણી હે દીપતા સ્તંભો અને સ્તંભ રચનાની તોલે મૂકી શકાય નહીં. વિશ્વની ઘણી જૂની કહી શકાય તેવી સંસ્કૃતિઓમાં સૌથી સુંદર રચના જોવા મળે છે આમ છતાં નિર્વિવાદ આપણા સ્થપતિઓની રચનાથી  તેઓએ શીખવાનું રહે છે. પ્રવેશ દ્વારના સ્તંભો તેની પરના તોરણોથી માંડીને સ્તંભને અદભુત કોતરણી  અને અદ્વિતીય કલાની આપણા સલાટોની અનુપમ કલા છે. સ્થળ આધાર સ્તંભની નીચેનું થર હોય છે એની પણ સુંદર કોતરણી હોય છે અને સ્તંભની ઉપરના સ્તર અને પછી વિતાન ની કોતરણીના આકારને ટેકવતા કે આધાર આપતા વિવિધ પ્રમાણમાં આજે છે જોવા જેવું છે.  સ્તંભોના જુદા જુદા પ્રકાર છે. પ્રવેશદ્વારમાં દિપક સ્તંભ કે કે રુપ સ્તંભ ચોગાનમાં કીર્તિ સ્તંભ સરોવરની વચ્ચે જળસ્તંભ સીમા દર્શક સ્તંભ ગરુડ સ્તંભ બ્રહ્મસ્તંભ ડોલા સ્તંભ વનસ્પતિ વન સ્તંભ છત્ર સ્તંભ વગેરે અનેક ઘાટના અને જાતના અને ઉપજાતના સ્તંભો બન્યા છે. સ્તંભોની કલાત્મકતા માત્ર નહી  પણ પ્રમાણસરતા એ કોતરણીમાં જૈન લોકો ખાસ કરીને રાણકપુર મંદિર માં ગયા હશે તો એની ભવ્યતાનું ખ્યાલ આવ્યો હશે પણ એ સ્તંભોની જે કોતરણી છે એ એટલી અદભુત છે કે તેને વખાણતા તેનો અંત ન આવે

આ ઉપરાંત ચોરસ હોય તો રૂપક થતો હોય તો આઠ પાસા વાળો સ્વસ્તિક 12 પાસા વાળો ભદ્ર કોણ ઉપરત અને પ્રતિરત એની રચના મુજબ આ સ્તંભો નામ ના નામ પડે છે.

કોતરણી ના આધારે સ્તંભ સ્તંભોના આધારે મૂર્તિઓના આધારે પણ અનેક નામો અપાયેલા છે. પાંદડી અને કોતરણી અને વેલ બુટ્ટા એ બહુ વખત પછી આપણા સ્થાપત્યમાં આવ્યા. એ ઇસ્લામિક સ્થાપત્યની .રચનાનું કારણ છે. આપણે ધર્મના નામે સ્થાપત્યને જુદા જુદા કરીએ છીએ પણ ધર્મના નામે સ્થાપત્ય રચના નથી થઈ પરંતુ ધર્મને અનુકૂળ ધર્મને સમજાવે એ રીતની સ્થાપત્ય રચના એ જ વિશેષતા હોય છે બાકી બે જ સ્થાપત્ય રચના આપણા ભારતમાં છે એક નાગરિ અને બીજું કહે છે કે આપણા સ્થપત્તિ છે એ વિશ્વકર્મા છે જ્યારે દ્રવિડ ના જે હતા એ મયદાનવ હતા. આજે બે રચનામાં શિખર નાગરિ અને દ્રાવિડીયન માત્ર શિખર રચના નો ફરક છે અને એ સિવાય એના ગૃહ મંડપ નૃત્ય મંડપ ગર્ભ ગૃહ આ બધાની રચના લગભગ નું ઐક્ય  દેખાય છે. શિલ્પોએ  મનમાં માનવ મનમાં પ્રેમ આનંદ અને ઉલ્લાસનો સંચાર કરનાર સૌંદર્યની ઓળખ આપી આ સમયના શિલ્પોમાં અંગ ઉપાંગમાં પ્રમાણસર થયું .અભિજાત્ય લચક કમનીયતા સુરુચિતા પૂર્ણતા વેશ પરિધાન શૃંગારિકતા ઉત્તમ ઉનમેશ દેખાય છે. વ્યક્તિત્વને ઓળખ મળી. અનુગુપ્તકાલીન કલાનું કાલ 550 થી 700 સુધીનો ગણાય. આ સમયના સિલ્પોમાં દેવ દેવીઓ બુદ્ધો બુદ્ધિશો તીર્થંકરો યક્ષ યક્ષીઓ રાજા રાણીઓ વગેરે ને અધિક મહત્વ અપાવ્યું. આ પછી નો સમય 7 00 થી 1000 સુધીનો છે જે પાલ પ્રતિહાર અને રાષ્ટ્ર કુળની શિલ્પ કળા છે. આ કાળમાં મનુષ્ય જીવનને પરિમાણ આપતા સમય તરીકે પણ ઓળખી શકાય.

મનુષ્યના જીવન સાથે એને પરિમાણ મળ્યું એ સમયમાં શંકરાચાર્ય એ મનુષ્ય વિશેનું એક દર્શન આપ્યું છે એ બહુ જ ઉલ્લેખનીય છે. એમણે કહ્યું કે મનુષ્ય સાડા ત્રણ હાથના પરિમિત દેહમાં સીમીત શક્તિ ધરાવતું પૂતળું નથી એ તો બ્રહ્મ અને એક આત્માના એકતાનું અધિકાર અધિકારી છે. આ ભાવ જીવનને નવી દૃષ્ટિ આપે છે . સામાજિક અંગોમાં નવા જીવનનો શક્તિ સંચાર કારણ બનવાનું કારણ બની ગયું સ્વાભાવિક રીતે જ આ ભાવના ની અસર શિલ્પ

નિર્માણમાં પણ દ્રષ્ટિગોચર થાય છે. ઇસ 1000 થી 1300 સુધી વિકાસ અસર અને પ્રતિકૃતિના સર્વાંગી સમન્વય નો કાળ ગણી શકાય.

યુનેસ્કો દ્વારા વિરાસત તરીકે સ્થાન અને રક્ષણ પામેલ મધ્યપ્રદેશના ભીમબેટકા આદિમાનવના યુગના હજારો વર્ષ પહેલાના ગુફા સ્થાપત્ય સ્થળમાં કહેવામાં આવે છે કે કદાચ આદિમાનવ યુગનું જ્યારે સંસ્કૃતિનો વિકાસ ન થયો હતો ત્યારે અભિવ્યક્તિ માટે જે રેખા ચિત્રો માત્ર કોઈ તીક્ષ્ણ પદાર્થ થી પથ્થર પર આકેલા એ એટલા સમય જતા જતા કાળ ની સાથે એ ચિત્રોમાં પણ કલા નો વાર્ધક્ય થયું અને એથી આજે પણ ભીમબેટકાના ચિત્ર સ્થાપત્યો જરૂર જોવા જોઈએ અને ખજૂરાહો એક માન્યતા થોડીક વાસ્તવ ની સાથે હોવા છતાં સાચી નથી. ત્યાં રતિ શિલ્પો અને મૈથુન શિલ્પો ધર્મ અર્થ મોક્ષ અને કામ આ જે કામ આજે જીવનના ચાર આધાર છે એમાં વિશ્વતો કામ ના હોય તો વિશ્વ ના હોય એ અનુસંધાન પણ ખરેખર એ સ્થાપત્ય તો જૈન મંદિરોમાં તો જવલેજ છે જ્યારે બીજા હિન્દુ મંદિરમાં લગભગ 10% જેવું છે. 90 ટકા જબરદસ્ત કોતરણી ના અને જાતક કથાઓ અને દેવદેવીઓના શિલ્પો છે. કલ્પનાની દોર ટૂંકી પડે અને સમજ સ્તબ્ધ થઈ જાય એવા મંદિરોનો સમૂહ એટલે ખજૂરાહોના મંદિરો. હિન્દુ મંદિરો અને જૈન મંદિરો. જૈન મંદિરોમાં ખાસ બે ધ્યાન ખેંચતા આદિનાથ અને પાશ્વનાથ પ્રભુના સ્થાપત્યો છે આ બંને ખરેખર શિખર રચનાની દ્રષ્ટિએ જૈન રચના છે પાશ્વનાથમાં જુદા જુદા શિખરો જાણે જુદા લાગે છે પણ એક જ શિખર છે એમાં એનું રચના કૌશલ દેખાય છે. પાલીતાણાના મંદિરો પાલીતાણાના મંદિરો ની રચના રીત ત્યારે જાણે કે આકાશમાં રહે છે એક મોજાની જેમ તરવરે  છે પાલીતાણાના મંદિરો. પાલીતાણાના મંદિરો ની રચના રીત ત્યાં ઘણા બધા શિખરોના સમૂહથી પાલીતાણાના મંદિરો બનેલા છે.

અહીં પશ્વનાથ મંદિર જ હતું આદિનાથનું મંદિર જ હતું પણ આપણે ત્યાં બન્યું છે કારણ કે જાત જાતના લોકોએ આપણી આ સંસ્કૃતિથી આકર્ષાયા, સંપત્તિથી આકર્ષાયા અને એમાંથી ઘણા ઈર્ષા ભાવથી અને જે કોઈ શાસન કર્યું એમણે આપણા મંદિરોને ભગ્ન કર્યા લગ્ન કર્યા એમાં આદિનાથનું મંદિર જે હતું અને ત્યાં પશ્વનાથનીબહુ જ સુંદર પાર્શ્વનાથની બહુ જ સુંદર

પૂર્ણ કાળા આરસ માંથી બનાવેલ જોઈને જ આનંદ આવતા આવી જાય એવી બહુ જ સુંદર રચના થઈ છે અને આદિનાથ પ્રભુનું પણ મંદિર છે. ત્યાં માત્ર એક ભીત ઉપર એક દેવાંગના નું ચિત્ર છે જે એમ થોડુંક એવું લાગે કે મૈથુન ચિત્ર સાથે સરખાવી શકાય. દેવાંગના કે અપ્સરાઓ જે શિલ્પો છે એમાં એક એવું છે આદિનાથ મંદિરમાં, એમાં શણગાર કરતી સ્ત્રી કે દેવાંગના ને અન્ય સ્ત્રી મદદ કરે છે જોવામાં તો એટલું જ કે મદદ કરે છે. કદાચ એ સેવીકા હોય એમ કહી શકાય પણ એ મદદ કરતા જો આપણે જોઈએ આમ જુઓ તો એ સમાજ લક્ષ્ય છે કે ત્યારે પણ આ રીતના સેવા અને સેવા લેતા લોકો નો સમાજ હતો. આ જે બે મંદિરો છે એમાં પ્રજ્ઞા અને શીલ.

પ્રજ્ઞા એ સમજ છે અને સીલ જે છે એ પ્રજ્ઞાના ઉપયોગથી કરાતું આપણું ચારિત્ર્ય છે, આપણા વર્તનનું પ્રતિક છે. આ પ્રજ્ઞા અને શિલ્પ જૈન મંદિરોનો વિશેષ આધાર છે આ જૈન મંદિરોની વિશેષતા છે જે કંઈ સ્થાપત્ય રચાયા છે જૈનોના એ બધા જ સૌંદર્ય સ્થાનો છે ઉપરાંત સૌંદર્ય બોધ થાય એ રીતે જ તમારે એના પ્રવેશ દ્વાર એ પ્રવેશ દ્વારથી તમારું ધોરણોથી જાણ સ્વાગત થતું હોય એવા તોરણો આ તોરણોની ખાસ વિશેષતા છે. આ કમાન જેવા તોરણો અને પછી ઊંચે ચડતા પગથિયા અને ત્યાંથી પ્રભુ પાસે પહોંચો. આ બધું જ એની પાછળ એક શિલ્પ વર્તન એક કારણ છે જવું છે ઉર્ધ્વગામી થવાની વાત છે એમાં તમારું સહેલાઈથી સ્વાગત છે પણ એના માટે તમારે શ્રમ છે એ શ્રમ એ સમજનો શ્રમ છે આજે આદિનાથ પ્રભુએ જ્યારે લોકો એને અનુસરતા હતા ત્યારે એમણે એક બહુ સરસ વાત કરી હતી મને નહીં અનુસરો મારા કાર્યને અનુસાર હું મહાન નથી. મારી જે કરવાનું હતું એ મારી પ્રજ્ઞાએ મને જે સુધાર્યું એ મેં કર્યું છે એનું જો અનુસરણ થશે તો આદિનાથની સાચી પૂજા છે .આદિનાથ અને પછીના તીર્થંકરોની વાણી આ હંમેશની વાણી આપણે સાંભળીએ છીએ અને એનો આનંદ લઈએ છીએ પણ સાથે સાથે એના ઊંડાણમાં એના ઉતરવાની આપણી પાસે પ્રજ્ઞા પણ હોવી જોઈએ અને શીલ પણ હોવું જોઈએ.

ખજૂરાહ ના સ્થાપત્યોમાં આ આદિનાથનું મંદિર જો એમની રચના બાજુમાં અને એને શિખર

રચના ની દરેકે દરેક કણમાં કોતરણી છે અને એ પછીનો છે પાશ્વનાથનું છે  આ સ્થાપત્ય એક વખત જુઓ અને તમને એની પાસે બાજુમાંથી ખસવાનું મન ન થાય. તો એ સ્થપતિ ખોટો એટલી હદ સુધી એટલે શ્રદ્ધાપૂર્વક હું કહી શકું. અદભુત સ્થાપત્ય છે અને ભાવ સંક્રમણ કરતી. આ રચના છે પછી એના જે શિલ્પો છે જે તમને બતાવવામાં આવે છે એ શિલ્પો ને કોતરણી. અહી આદિનાથની  બાજુમાં જે કાંઈ શિલ્પો છે એના દરેકના અર્થ છે એ દરેકની પાછળ કંઈક ને કંઈક પ્રતિગામક રીતે અર્થ સમાયેલો છે.

કહેવા બેસીએ  તો એક એક સ્થાપત્ય પર બહુ સમય જાય આ બધા ની ઉપર છે. બીજું એક એ છે કે આમાં હિન્દુ જાતક કથાઓ હિન્દુ પૌરાણિક કથાઓ આ બધાની સાથે આ સંકલિત થયું છે. માત્ર જૈન સ્થાપત્યની સાથે નથી. બીજી એક ખાસ વાત મારે કહેવાની છે કે તમે જોશો અને એ પાન  આવેલા છે.આપણામાં હજી એટલી સજગતા નથી આવી  કે આપણે સતત આપણા સ્થાપત્યનું સંરક્ષણ કરીએ તો એવા છે કે જે રત્નો છે એને બહાર કાઢવા એ બહુ જ અગત્યનું છે. અત્યારે સમય થોડા સમયથી આપણીસરકારો જાગૃત થઈ છે અને શાસકો જાગૃત થયા છે અને એ વસ્તુ ને ધ્યાનમાં લેવાય છે. આ જે સ્થાપત્યો છે એ બધા રેતીઆ પથ્થરમાંથી બનેલા છે. કોઈપણ સ્થાપત્યમાં જૂનો રેતી આદિનો ઉપયોગ થયો નથી માત્ર એના સાંધા પણ માટીથી પૂરવામાં આવ્યા છે એ ટકી રહ્યા છે અને આટલા વર્ષો સુધી એ ટકી રહ્યા છે અને એ આપણા સાહિત્ય સ્થાપત્ય નો મોટામાં મોટું અને આ સ્થાપત્યની અમેરિકામાં એક મોટી યુનિવર્સીટીમાં આ સ્થાપત્યની રચના રીતે મુજબ સાંધામાં કંઈ પણ પૂરવા એકબીજા સાથે મળી જાય અને એ રીતે એનો આખો ઘડતર થાય એ રીતને અનુકરણ પણ જોયું છે. આપણા ઘણા સ્થાપત્ય માં આ વસ્તુ જોવા મળે છે મને અત્યારે ફરીવાર એનો સંરક્ષણ માટે મુંબઈમાં સાયન નો કિલો છે. બહુ સુંદર અને એના સ્થાપત્યો છે. એને પુરાતત્વ વિભાગે એનું પુનરુત્થાન કરવાનું નક્કી કર્યું અને એમાં ચૂનો અને સિમેન્ટ ભરી દીધા જોઈએ તો આખું અરેરાટી થઈ જાય કે આ ના માટે અભ્યાસ કરવો આપણે ધ્યાન રાખી શકીએ.

હવે થોડીક વાતો આબુના દેલવાડાના મંદિરોની વાત કરીશું. દેલવાડા મંદિરોને  કોઈ પણ સ્થાપત્યને આની સાથે સરખાવી ના શકાય એટલું ઉત્તમ આ મંદિર બન્યું છે જૈન મંદિરોના પૂન: સ્થાપન કરવા માટે શ્રેષ્ઠીઓ હંમેશા આગળ આવ્યા છે. પેઢીઓ એના માટે ખાસ બનાવવામાં આવી છે એનું ધ્યાન રાખે છે અને એના માટે વસ્તુપાલ તેજપાલના સમયના બનેલા એ સોલંકી યુગના સ્થાપત્ય આજે પણ આવી સુંદર સ્થિતિમાં તમે જુઓ તો દરેકે દરેક ગુંબજ ની રચના છે, જે રીતે ઉભી છે આજે કોલમ ની ઉપર આ સ્થાપત્ય ઉભા છે. બધા તોરણોમાં ખૂબ જ સુંદર ઝીણી ઝીણી કોતરણીઓ છે અને એમાં કોઈ પણ પ્રમાણભાનવગર નથી. અહીં જે મૂર્તિ છે જોશું ત્યારે શાંતિનો અનુભવ  તમારામાં ક્યાંથી આવીને સંક્રમણ કરે છે એ તમને જબરજસ્ત આશ્ચર્ય થશે કે ચમત્કાર નથી. ચમત્કારમાં એટલો છે કે આપણા ભાવ જો આદિનાથ પ્રભુ કે મહાવીર પ્રભુ કે કોઈપણ તીર્થંકર સાથે એના ઇતિહાસ સાથે તેમના કાર્ય સાથે એ જ્યારે આપણા મનમાં ઉતરે ત્યારે એક કાર્યની ઉત્તમતા ને આપણું મસ્તક નમે છે એટલે એ કરવાનું કામ આ બધા દેલવાડાના દરેકે દરેક કણમાં બહુ સુંદર રીતે આ સ્થાપિત થયેલું છે.

દેલવાડાના દેરાસરની કોતરણી દુનિયાના અજાયબમાં સમાવેશ પામેલી તાજમહેલ કરતા પણ ઉત્તમ છે.આપણે  ઘણીવાર ઉત્તમ એને કહીએ છીએ જેમાં ઉત્તમ પદાર્થોનો ઉપયોગ થયો હોય અકીક અને બહુ મોંઘા કહેવાય એવા પદાર્થો નો ઉપયોગ થયો હોય છે ને એની પાછળ કથાઓ હોય છે એટલા માટે પણ આજે મારે કોઈની ટીકા કરવા નથી કહેતો પણ દેલવાડાના સ્થાપત્યો છે એ તાજમલ ને પણ તમે એમ કહી શકો કે તાજમહેલ થી પણ ઉત્તમ છે અને આ મંદિરો નાગરિક શૈલીની સ્થાપત્યના ઉદાહરણો છે. પરિસ્થિત સમય સામાજિક અને આર્થિક પરિસ્થિતિના પર બળો અને સંસ્કૃતિના દર્શન અને સંસ્કૃતિના દર્શન મુલવણી આપણા સ્થાપત્યથી થાય છે. ગુજરાતનો સુવર્ણકાળ સોલંકી યુગ ગણાયો છે તેજપાલ અને વિમલ શાહ જેવા શ્રેષ્ઠીઓ ની નીશ્રા અને દેલવાડા એના ધન દેલવાડાના મંદિરની પાછળ છે. પણ જે મુખ્ય માનું છું એ તરફની આસ્થા એ કોઈ પ્રચાર પ્રસારની કંઈ જ નહોતી ઉદ્દેશ પણ નહોતો. ઉદેશ એ માત્ર એટલો હતો કે આપણા દિવસ સ્થાનો ઉત્તમ બને અને ઉત્તમ રહે.

દેશભરમાં બુદ્ધ જૈન હિન્દુ ઇસ્લામિક અને અન્ય સ્થાપત્યઠેર ઠેર છે. જેને કાશ્મીરમાં એવા સ્થાપત્ય છે. ઘણા ભગ્નો અવસ્થામાં છે પણ એ સ્થાપત્યો એ અવસ્થામાં પણ એટલા સુંદર દેખાય છે કે આ સ્થાપત્ય જ્યારે પૂર્ણ રૂપમાં હશે ત્યારે કેવા હશે એની કલ્પના આપણા સહજતાથી કરી શકીએ એવા છે બચી ગયા છે એનું કારણ પ્રજ્ઞા અને શીલ છે. એ  સ્થાપત્ય એટલે ઊંચાઈ ઉપર છે કે એના પર પહોંચતા લોકોને તકલીફ પડે છે પણ આપણી શ્રદ્ધા અને આસ્થા આપણને ગિરનાર પણ ચડાવે છે, આપણને પાલીતાણા પણ ચડાવે છે, આપણને તારંગા જૈન મંદિરો સુધી પણ લઈ જાય છે. આડ વાત કહેવાનું મન થાય છે કે તારંગાના મંદિરોને ધ્વંશ કરનારા ન કરી શકે એટલા માટે માટીનું લેપ લગાવેલો કે વર્ષો સુધી એ સુરક્ષિત રહ્યા. તારંગાના મંદિરોની આસપાસ ના રસ્તાઓમાં પણ એક સૌંદર્ય બોધનું ઉત્તમ ઉદાહરણ મળશે. ઘણા જૈન શ્રેષ્ઠી આ સ્મારકો સાચવવાના પ્રયાસ કર્યા છે. સ્થાપત્ય એવા કેટલા સ્થાપત્યો જોયા છે જે તૂટેલા છે પણ એ મોટાભાગના જૈન મંદિરો નથી જે તૂટેલા છે એ હિંદુ મંદિરો બૌદ્ધ મંદિરો અને કારણ ગમે તે હોય પણ જૈન મંદિરોની જે વિશેષતા છે એ પ્રજ્ઞા અને શીલ છે એનાથી જ આ સ્થાપત્ય બચ્યા છે.

*****************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST

JAIN SAHITYA ACADEMY TRUST